અગત્યનું

ક્રમાંક: કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૪/૨૦૨૦

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર.
(૩) નિયામકશ્રી એન.સી.સી., અમદાવાદ.
(૪) તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ (નોન વેકેશન સ્ટાફ)

વિષય: – નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે શિક્ષણ વિભાગના તા.૧૭.૦૪.૨૦૨૦ના સરખા ક્રમાંકના પત્ર અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬.૦૪.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટની નકલ મોકલીને તેની સૂચનાઓનું પાલન કરવા જણાવવામાં આવ્યું હતું.

૨. વધુમાં આ બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮.૦૪.૨૦૨૦ના પત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ (*નકલ સામેલ છે*)થી જણાવેલ છે કે નોવેલ કોરોના વાઇરસ (Covid-19)નું સંક્રમણ જે વિસ્તારોમાં વ્યાપક થયું છે તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલ Hotpots/Containment zonesના વિસ્તારોમાં રહેતા કર્મચારી/અધિકારીઓને કચેરીમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે/બોલાવવાના રહેશે નહિ.

વધુમાં આવા વિસ્તારોમાં સમાવેશ થતી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ કર્મચારીઓ/અધિકારીઓને બોલાવવાના રહેશે નહી. આ સૂચનાઓ જ્યાં સુધી લાગતા વળગતા વિસ્તારમાં Containment zones હોય ત્યાં સુધી લાગુ પડશે. આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,
(પકેશ ઠાકોર )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના:-

તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓને સંલગ્ન તમામ કોલેજો-(નોન વેકેશન સ્ટાફ) (સરકારી/ બિનસરકારી અનુદાનિત/ખાનગી) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી અને નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી મારફત.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

પ્રતિ,

૧. યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ અને વહીવટી વિભાગોના વડાશ્રીઓ.
૨. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ.

. . .યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૮/૦૪/૨૦૨૦, ક્રમાંક: જન/એસ્ટા/કોરોના/૩૫૭૧/૨૦૨૦ના પરિપત્ર સંદર્ભે શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઉપરોક્ત પત્રનો અમલ કરવાનો રહેશે તેમજ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ અને સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓએ તેઓના વિભાગની વહીવટી કામગીરીની આવશ્યકતા મુજબ ઉપસ્થિત રહેવાનું રહેશે. વધુમાં, યુનિવર્સિટી તા. ૦૩/૦૫/૨૦૨૦ સુધી જાહેર જનતા માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

R. B. Patel 19.04-2020
ઇ.ચા. કુલસચિવ

ક્રમાંક: જન/એસ્ટા/કોરોના/૩૫૭૨/૨૦૨૦
તા. ૧૯/૦૪/૨૦૨૦
નકલ રવાના:

૧.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલીકા, સુરત. ૨.પોલીસ કમિશ્નરશ્રી, સુરત ૩.કલેક્ટરશ્રી, યુનિવર્સિટી કાર્યક્ષેત્રના તમામ જીલ્લા.

**તાત્કાલિક / અગત્યનું**

ક્રમાંક : પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૪/૨૦૨૦.

પ્રતિ,
સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,
સચિવાલય, ગાંધીનગર.

**વિષય: નોવેલ કોરાના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

**વિભાગોમાં કર્મચારી / અધિકારીઓની હાજરી બાબત.**

**સંદર્ભ :** આ વિભાગનાતા.૧૬/૦૪/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.

માન. સાહેબશ્રી / મહોદયાશ્રી,

નોવેલ કોરાના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં તા.૨૦/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી સરકારી કચેરીઓ સીમિત સ્ટાફ સાથે ચાલુ રાખવા અપાયેલ સૂચનાના સંબંધમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને વહીવટી વિભાગના વડા નક્કી કરે તે મુજબની ઉપસ્થિતિ તેમજ વર્ગ-૩ના કર્મચારીઓ પૈકી ૩૩% મુજબની હાજરી પ્રમાણેનું રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવાનું અને તે પ્રમાણેના હુકમો સત્વરે કરી હુકમની એક નકલ તા.૨૦/૦૪/૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં ds-budget-gad@gujarat.gov.in પર મોકલી આપવા અત્રેના તા.૧૭/૦૪/૨૦૨૦ના સમાનાંકી પત્રથી જણાવવામાં આવેલ છે.

**આ અંગે જણાવવાનું કે નોવેલ કોરોના વાઈરસ (Covid-19)નું સંક્રમણ જે વિસ્તારોમાં વ્યાપક થયું છે તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલ Hotspots/ Containment zonesના વિસ્તારોમાં રહેતા કર્મચારી / અધિકારીઓને કચેરીમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે / બોલાવવાના રહેશે નહિ.**

આપનો વિશ્વાસુ,

(મનીષ શાહ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ.

Scanned with CamScanner